DFA-APIL

**ખાનગી**

**નિવૃત પોલીસ અધિકારી/કર્મચારીઓ સામે ખાતાકીય પગલા માટે દરખાસ્ત મોકલતા અનુસરવાની કાર્યવાહી.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્રક્રમાંક:પીડીઈ/૧૫૦૪/ ૪૯૯ /ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૯-૮-૨૦૦૪

**પરિપત્ર**

બી.સી.એસ.આર.ના સ્થાને ધ ગુજરાત સીવીલ સર્વિસ (પેન્શન) રુલ્સ, ૨૦૦૨ નવેમ્બર-૨૦૦૨ થી અમલમાં આવેલ છે. આ નિયમોના નિયમ-૨૪ હેઠળ નિવૃત્ત અધિકારી/ કર્મચારીઓની ગંભીર ગેરવર્તણુંક કે ગંભીર બેદરકારીના પુરવાર આક્ષેપો સબબ શિક્ષાની કાર્યવાહી કરવાની રહે છે.

આથી, નિવૃત પોલીસ અધિકારી/કર્મચારી સામે ધ ગુજરાત સીવીલ સર્વીસ (પેન્શન) રુલ્સ-૨૦૦૨ હેઠળ પેન્શન કે તેનો કોઈ ભાગ અટકાવવા અંગેની દરખાસ્ત સરકારશ્રીમાં મોકલતી વખતે નીચે મુજબ કાર્યવાહી અનુસરવા આથી તમામ સંબંધીતોને સુચના આપવામાં આવે છે.

(૧) ધ ગુજરાત સીવીલ સર્વીસ (પેન્શન) રુલ્સ નીચે પેન્શન કાપ કે ઘટાડાની શિક્ષાએ માત્ર ગંભીર ગેરવર્તણુંક કે બેદરકારીના કિસ્સામાંજ થતી હોઈ, અને તે મુંબઈ પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમો-૧૯૫૬માં દર્શાવેલ મોટી શિક્ષાઓને સમકક્ષ હોઈ, ગંભીર ગેરવર્તણુંક કે બેદરકારીના સિવાયના કેસોમાં આવી શિક્ષાત્મક કાર્યવાહી, સરકારી કર્મચારીની નિવૃત્તિ બાદ ચાલુ રાખવાનું ન્યાયોચિત ગણી શકાય નહિં. આવી શિક્ષાત્મક કાર્યવાહી કર્મચારી નોકરીમાં ચાલુ હોય ત્યારે શરુ કરવામાં આવી હોય તો શિક્ષાત્મક કાર્યવાહી સરકારી કર્મચારીની નિવૃત્તિ પહેલાં જ પુરી કરી અને યોગ્ય નિર્ણય લેવાનું વહીવટી હીતમાં છે. આથી નાની શિક્ષા માટેના કેસોમાં સરકારી કર્મચારીની નિવૃત્તિ પહેલા જ નિર્ણય લેવાની કાર્યવાહી અચૂક કરવી.

(૨) નિવૃત પોલીસ અધિકારી /કર્મચારીઓ સામેની પ્રાથમિક તપાસ, ખાતાકીય તપાસના કાગળો, સમીક્ષા અહેવાલ વિગેરે સાથેની દરખાસ્ત પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી મારફત જ સરકારશ્રી સમક્ષ રજુ કરવી.

(૩) ખાતાકીય તપાસના ખાસ અધિકારીશ્રીની સમીક્ષા અહેવાલની ૩ પ્રમાણિત સાફ નકલો અચુક સામેલ કરવી.

(૪) પોલીસ અધિકારી/કર્મચારીની નિવૃતિની તારીખ દર્શાવવી અને નિવૃતિના હુકમની નકલ સામેલ કરવી

(૫) પોલીસ અધિકારી/કર્મચારીને કેટલુ કામચલાઉ/કાયમી પેન્શન મળે છે/ મળવાપાત્ર છે ? તેની વિગતો આપવી.

(૬) દરખાસ્તમાં પેન્શનમાં કાપની શિક્ષા અન્વયે ચોકકસ રકમનો ચોકકસ સમયગાળા માટે કપાત કરવાનું સૂચન કરવું નહિં. અર્થાત, quantum of punishment દર્શાવવી નહી કે જેથી સરકારશ્રીના પક્ષે પેન્શન કાપની શિક્ષા સંદર્ભે prejudging કરવાનો / prejudice થવાનો પ્રશ્ન જ ઉદભવે નહી.

(૭) સેવા દરમ્યાન કેટલા ઈનામો/પુરસ્કારો મળેલ છે તેની વિગત આપવી.

(૮) સેવા દરમ્યાન કેટલી શિક્ષા(નાની /મોટી) થયેલ છે. તેની વિગતો તથા કરાયેલ શિક્ષાના પ્રકાર દર્શાવવા.

(૯) તપાસના કાગળો ઉપર ઝેરોક્ષ નકલો સામેલ કરી હોય તો તે વાંચી શકાય તેવી અને પ્રમાણિત કરીને મોકલવી તેમજ તપાસના કાગળો ઉપર અનુક્રમણિકા તૈયાર કરી દરેક દસ્તાવેજોના પૃષ્ઠ ક્રમાંક દર્શાવવા.

(૧૦) કોર્ટ કેસ અંગે તહોમતનામા/ આરોપનામામાં ઉલ્લેખ હોય તો કોર્ટ કેસની અદ્યતન પરિસ્થિતિ દર્શાવવી, કોર્ટે વચગાળાનો હુકમ/ મનાઈ હુકમ આપ્યો હોય તો તેની વિગત સહિત હુકમ અને ચુકાદાની નકલ પણ સામેલ કરવી.

(૧૧) પેન્શન કપાતની કાર્યવાહી માટે જે પોલીસ અધિકારી/કર્મચારીની દરખાસ્ત મોકલવામાં આવે ત્યારે બનાવમાં જો અન્ય સહકસુરદાર પણ હોય તો, સહકસુરદારોના નામ તેમજ તેમના વિરુધ્ધ કરવામાં આવેલ શિક્ષાત્મક કાર્યવાહીના પરિણામની વિગતો દર્શાવવી તથા શિક્ષાના હુકમની નકલ મોકલવી.

ઉપર્યુકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા સર્વે સબંધકર્તા પોલીસ અધિકારીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.ડી.ચાવડા)
ઉપસચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,
–પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગર.
–અધિક પોલીસ મહાનિદેશક,સીઆઈડી (ક્રાઈમ),ગુજરાત રાજય, ગાંધીનગર.
–અધિક પોલીસ મહાનિદેશક,સીઆઈડી (ઈન્ટે.),ગુજરાત રાજય, ગાંધીનગર.
–અધિક પોલીસ મહાનિદેશક, હથિયારી એકમો ,ગુજરાત રાજય, ગાંધીનગર.
–સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
–સર્વે નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ
– સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ,
– પોલીસ અધિક્ષકશ્રી, વેસ્ટર્ન રેલ્વે,વડોદરા.
–સર્વે સેનાપતિશ્રીઓ, રાજય અનામત પોલીસ દળ.
– સીલેકટ ફાઈલ/ નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.